# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

**Accredited by NAAC with "A" Grade (CGPA 3.02)**

પો.બો.નં.-૨૧, યુનિવર્સિટી રોડ, પાટણ (ઉ.ગુ.) ૩૮૪ ૨૬૫


રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અંતર્ગત સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીઝર (S.O.P.) મુજબ મલ્ટીપલ એન્ટ્રી/મલ્ટીપલ એકઝીટના નીતિ નિયમો ઘડવા વર્કીંગ ગ્રુપ કમિટીની એક બેઠક તારીખઃ ૨૦/૦૨/૨૦૨૪ને મંગળવારના રોજ બપોરેઃ ૧૨-૪૦ કલાકે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય રૂમ નં.૦૯, પાટણ ખાતે માટે મળી હતી. સભાની હાજરી નીચે મુજબ છે.

:હાજરી:

| ક્રમ | સભ્યશ્રીનું નામ | સ્થળ | હાજર/ગેરહાજર |
|---|---|---|---|
| ૧ | ડૉ.સંગીતા શર્મા | પાટણ | હાજર |
| ૨ | ડૉ.નિશિથ ભટ્ટ | પાટણ | હાજર |
| ૩ | પ્રિ.ડૉ.જે.કે.પટેલ | મહેસાણા | ગેરહાજર |
| ૪ | પ્રિ.ડૉ.દિલખુશ પટેલ | વડનગર | હાજર |

**પુખ્ત વિચારણાના અંતે નીચેની બાબતો નક્કી કરવામાં આવેલ છે.**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અંતર્ગત સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીઝર (S.O.P.) પાન નંબર ૧૦૮-૧૦૯ મુજબ મલ્ટીપલ એન્ટ્રી/મલ્ટીપલ એકઝીટના નીતિ નિયમો નો સૈધાતિંક રીતે સ્વીકાર કરવામાં આવે છે. આ નિયમ મુજબ પ્રથમ વર્ષ અને દ્વિતિય વર્ષના એકઝીટના નિયમ નીચે મુજબ રહેશે.

(૧) પ્રથમ વર્ષ અને દ્વિતિય વર્ષના અંતે જો કોઇ વિદ્યાર્થી અભ્યાસક્રમ છોડીને જવા માગે છે.તો સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીઝર S.O.P.માં દર્શાવેલ નિયમ મુજબ વધારાની ૦૪ ક્રેડિટ સમર ઇન્ટર્નશીપ/એપ્રેન્ટીશીપ દ્વારા મેળવવાની રહેશે. આ ૦૪ ક્રેડિટ વિદ્યાર્થીના મેજર ડીસીપ્લીનરી અથવા મલ્ટીપલ ડીસીપ્લીનરી કોર્ષમાં જ મેળવવાની રહેશે.

(૨) વિદ્યાર્થી સમર ઇન્ટર્નશીપ/એપ્રેન્ટીશીપ ફકત એ સંસ્થામાં કરી શકશે જયા કોલેજે MOU કર્યા હશે.

(૩) સમર ઇન્ટર્નશીપ/એપ્રેન્ટીશીપના અંતે વિદ્યાર્થીએ સંસ્થા દ્વારા આપેલું પ્રમાણપત્ર કોલેજમાં રજૂ કરવાનું રહેશે અને કોલેજ દ્વારા નિયુકત કરેલ નોડલ ઓફિસર દ્વારા આ માટેની પરીક્ષા (પ્રેઝન્ટેશન/વાયવા) અપાવાનું રહેશે. શરૂઆતમાં આના માટેની એકઝિટ ફોર્મ અને એકઝીટ પરીક્ષા ફી ભરવાની રહેશે.

(૪) સમર ઇન્ટર્નશીપ/એન્ટરપ્રિન્યોરશીપના અંતે તેણે કરેલ કાર્ય અંગેનો લેખિત રિપોર્ટ કોલેજમાં

(૫) પરીક્ષા ૧૦૦ માર્કસની રહેશે.જેમાં બાયફર્ગેશન નીચે મુજબનું રહેશે.

| | | |
|---|---|---|
| ૧ | પ્રેઝન્ટેશન | ૩૦ માર્ક્સ |
| ૨ | રિપોર્ટ | ૩૦ માર્ક્સ |
| ૩ | વાયવા | ૪૦ માર્ક્સ |
| | કુલ માર્કસ | ૧૦૦ માર્કસ |

- મુદ્દા નંબર-૦૫ પ્રમાણેની પરીક્ષા જે-તે કોલેજ પ્રિન્સિપાલ દ્વારા નિયુક્ત પરીક્ષક દ્વારા લેવામાં આવશે. યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટમાં આ પરીક્ષા ડિપાર્ટમેન્ટ અધ્યક્ષ દ્વારા નિયુક્ત પરીક્ષક દ્વારા લેવામાં આવશે.
- કોલેજ કે યુનિવર્સિટી દ્વારા નિયુક્ત કરેલ મલ્ટીપલ એન્ટ્રી / એક્ઝિટના નોડલ ઓફિસરે આ પરીક્ષાનું પરિણામ યુનિવર્સિટીના પરીક્ષા વિભાગને ૧૫ જૂન સુધીમાં મોકલી દેવાનો રહેશે.
- જે વિદ્યાર્થી મલ્ટીપલ એક્ઝિટ થવા માંગે છે તે વિદ્યાર્થીએ સેમેસ્ટર-૦૪ અને સેમેસ્ટર-૦૬ની યુનિવર્સિટીની પરીક્ષા પૂર્ણ થતાની સાથે જ કોલેજને જાણ કરવાની રહેશે જેથી તેની ક્રેડિટ-૦૪ની સમર ઇન્ટરનશીપ/એપ્રેન્ટીશીપ ગોઠવી શકાય.

<u>દ્વિતીય અને તૃતીય વર્ષના પ્રવેશના નિયમો:</u>

(૧) જે વિદ્યાર્થીઓ પ્રથમ વર્ષના અંતે સર્ટીફીકેટ અને દ્વિતીય વર્ષના અંતે ડિપ્લોમા મેળવેલ હોય તેણે તેના કોલેજ છોડ્યાની ત્રણ વર્ષની અંદર કોલેજમાં પ્રવેશ મેળવવાનો રહેશે અને તેણે ડિગ્રી પ્રોગ્રામ વધુમાં વધુ પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ તારીખથી ૦૭ વર્ષની અંદર પૂરો કરવાનો રહેશે.

(૨) પોતાની યુનિવર્સિટીમાં એક જ કોલેજમાંથી બીજી કોલેજમાં પ્રથમ વર્ષના અંતે પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓ એ સમર ઇન્ટર્નશીપ/એપ્રેન્ટીશીપની ૦૪ ક્રેડિટ મેળવવાની રહેશે નહીં પરંતુ બીજા વર્ષમાં એડમિશન લેતી વખતે પ્રથમ વર્ષના કુલ ૩૨ ક્રેડિટ ના (૭૦%) વિષયો સરખા હોવા જોઈએ.

(૩) પોતાની યુનિવર્સિટીમાં એક જ કોલેજમાંથી બીજી કોલેજમાં દ્વિતીય વર્ષના અંતે પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓએ સમર ઇન્ટર્નશીપ/એપ્રેન્ટીશીપની ૦૪ ક્રેડિટ મેળવવાની રહેશે નહીં પરંતુ ત્રીજા વર્ષમાં એડમિશન લેતી વખતે દ્વિતીય વર્ષના કુલ ૬૪ ક્રેડિટ ના (૭૦%) વિષયો સરખા હોવા જોઈએ.

(૪) એડમિશન વખતે જે તે કોલેજની પ્રવેશ જરૂરિયાત શીટની અવેબિલીટી અને પ્રવેશના નિયમો તથા ઉચ્ચ શિક્ષણ સંસ્થાની ફી નિયમનના નિયમોને આધીન પ્રવેશ મળશે.

(૫) જે વિદ્યાર્થી બીજી યુનિવર્સિટીમાંથી આવતો હોય અને તેનું શિક્ષણ કોઇપણ જાતના બ્રેક વગર કન્ટીન્યુ હોય અને પરિણામ પાસ હોય તેણે ઉપરોકત નિયમ-૦૨ થી ૦૪ પ્રમાણેના પ્રવેશના નિયમો લાગુ પડશે. સાથે કુલ ક્રેડીટ દ્વિતિય અને તૃતીય વર્ષ માટે ૩૨ ક્રેડીટ/૬૪ ક્રેડીટ અથવા ૭૦% સરખા હોય તેને જ પ્રવેશપાત્ર ગણાશે.

(૬) એડમિશન વખતે વિદ્યાર્થીના બીજી કોલેજમાં પ્રવેશની યોગ્યતા ચકાસવા માટે ઇકવીવિલેન્સ સમિતિમાં ત્રણ મેમ્બરની કમિટી કોલેજ કક્ષાએ પ્રિન્સિપલના અધ્યક્ષ સ્થાને

બનાવવાની રહેશે જે એડમિશન મેળવવા માગતા વિદ્યાર્થીઓની ઉપરોક્ત દર્શાવેલ 70% વિષયોની ઇકવિવેલેન્સી ચકાસી યુનિવર્સિટી ઇકવિવેલેન્સ કમિટીને તારીખ 30 જુલાઈ પહેલા મોકલી આપવાની રહેશે. યુનિવર્સિટી ઇકવિવેલેન્સ કમિટીએ કોલેજ દ્વારા મોકલવામાં આવેલ આવા કેસનો નિકાલ દિન-૦૭માં કરી આપવાનો રહેશે. યુનિવર્સિટીની ઇકવિવેલેન્સ કમિટીમાં અભ્યાસસમિતીના ચેરમેન, ડીનશ્રી અને કુલપતિશ્રી દ્વારા નિયુક્ત વિષય નિષ્ણાત રહેશે. આ કમિટી બનાવવાની સંપૂર્ણ સત્તા કુલપતિશ્રીને રહેશે.

(૭) દ્વિતીય, તૃતીય અને ચતુર્થ વર્ષના પ્રવેશના બીજા નિયમો સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીઝર (S.O.P.) પાના નંબર ૧૦૮ અને ૧૦૯ મુજબના રહેશે.

કા.કુલસચિવ

નં.-એકે./અXસ/ ૭૮૦૨ /૨૦૨૪
તારીખ : ૧૯/ 03 /૨૦૨૪

પ્રતિ,
મલ્ટીપલ એન્ટ્રી/મલ્ટીપલ એકઝીટના નીતિ નિયમો ઘડવા વર્કીંગ ગ્રુપ કમિટીના
તમામ સભ્યશ્રીઓ તરફ.